Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન

ડૉ. નિલેશ કાપડિયા
આસિસ્ટન્ટ પ્રોફેસર, હિન્દી શિક્ષણ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
e-mail: nilesh.gvp@gmail.com (M) 9825709921

**સારાંશ:** ભારત એક બહુભાષી દેશ છે. ગુજરાતમાં અંગ્રેજી દ્વિતીય ભાષા તરીકે શીખવવામાં આવે છે. અંગ્રેજી ભાષાનું ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે નિષ્ણાત શિક્ષકો જેટલું જ મહત્ત્વ સારા પાઠ્યપુસ્તકોનું છે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકનું બાહ્ય અને આંતરિક મૂલ્યાંકન કરવાનો સંશોધકે પ્રયાસ કર્યો છે. જેમાં ભાષા શીખવાના મહત્તવના ચાર કૌશલ્યો અનુક્રમે શ્રવણ, કથન, વાંચન અને લેખનનો સમાવેશ કેટલા પ્રમાણમાં થયો છે તે જાણવા સંશોધકે પ્રયત્ન કરેલ છે.

**ચાવીરૂપ શબ્દો :** અંગ્રેજી, પાઠ્યપુસ્તક, મૂલ્યાંકન

NCF (2005) ના રીપોર્ટમાં બાળકોને શું ભણાવવું? અને કેવી રીતે ભણાવવું? તેની વિશદ્ ચર્ચા થયેલ છે. જેમાં અભ્યાસક્રમ નિર્માણ માટે મહત્ત્વના પાંચ સિદ્ધાંતો આપેલ છે. 1. જ્ઞાનને શાળા બહારના જીવન સાથે જોડવું. 2. ગોખણપટ્ટીથી મુક્ત શિક્ષણ. 3. બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવા પાઠ્યપુસ્તકોનું નિર્માણ કરવું. 4. પરીક્ષા પદ્ધતિ અને તેનું ભારણ ઘટાડવું. 5. લોકશાહી મૂલ્યોને વરેલ નાગરિકોનું નિર્માણ.

ભારત અનેક ભાષાઓ અને બોલીઓ ધરાવતો દેશ છે. પરંતુ અંગ્રેજી હવે વિશ્વ ભાષા બનતી જાય છે. ગુજરાતના વિદ્યાર્થીઓ દેશ અને દુનિયામાં પોતાના વ્યવહારો સરળતાથી કરી શકે તે માટે અંગ્રેજી પરનું પ્રભુત્વ જરૂરી છે. અગાઉના પાઠ્યપુસ્તકો Structural approach ના આધારે તૈયાર થતા હતા જ્યારે નવા પાઠ્યપુસ્તકો Functional approach (કાર્યલક્ષી અભિગમ)ના આધારે તૈયાર થયેલ છે. કોઈપણ વિષય શીખવવા માટે પાઠ્યપુસ્તક એક અગત્યનું સાધન (tool) છે. Thotapally (2014) દ્વારા હાથ ધરાયેલ સંશોધનનાં તારણો જણાવતાં હતાં કે આંધ્રપ્રદેશના ધોરણ-6ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકનો અમલ કરતાં પહેલા તેનો Pilot study કરવામાં આવ્યો ન હતો. Raval (2013) દ્વારા ધોરણ-7નાં અંગ્રેજી વિષયનાં પાઠ્યપુસ્તકનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તેમના તારણો જણાવતા હતા કે ભાષાકીય કૌશલ્યો કરતાં વિષયવસ્તું નિરૂપણ વધારે માત્રામાં હતું.

કોઈપણ ભાષા શીખવા માટે ભાષાના ચાર કૌશલ્યોનો સમાવેશ પાઠ્યપુસ્તકમાં થવો જરૂરી છે. ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકમાં ભાષાના ચાર કૌશલ્યોનો સમાવેશ યોગ્ય પ્રમાણમાં થયેલ છે કે કેમ તે જાણવા સંશોધકે પ્રયત્ન કરેલ છે.

**અભ્યાસના હેતુઓ**

1. ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકનું બાહ્ય મૂલ્યાંકન કરવું.
2. ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકનું ભાષાના ચાર કૌશલ્યોના સંદર્ભે મૂલ્યાંકન કરવું.
3. ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકના મૂલ્યાંકન આધારે સૂચનો અને ભલામણો કરવી.

**અભ્યાસના પ્રશ્નો**

1. પાઠ્યપુસ્તકની બાંધણી, પૃષ્ઠ, ચિત્રોની ગુણવત્તા કેવી છે?
2. શ્રવણ કૌશલ્યની પ્રવૃત્તિ કેટલા પ્રમાણમાં છે?
3. કથન કૌશલ્યની પ્રવૃત્તિ કેટલા પ્રમાણમાં છે?
4. વાંચન કૌશલ્યની પ્રવૃત્તિ કેટલા પ્રમાણમાં છે?
5. લેખન કૌશલ્યની પ્રવૃત્તિ કેટલા પ્રમાણમાં છે?

**અભ્યાસની ક્ષેત્રમર્યાદા**

પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા વર્ષ-2016માં પ્રકાશિત ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તક પુરતો મર્યાદીત હતો.

**અભ્યાસની પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસમાં ગુણાત્મક સંશોધનની વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસ માટે ઓળખયાદી (check list) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ**

સંશોધક દ્વારા રચિત ઓળખયાદીનો ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકમાંથી માહિતી એકત્રીકરણ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતીના પૃથક્કરણ માટે વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**માહિતી વિશ્લેષણ**

**સારણી-1**

**ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકની સામાન્ય માહિતી**

| વિગત | **સેમેસ્ટર-1** | **સેમેસ્ટર-2** |
|---|---|---|
| પાઠ્યપુસ્તકનું નામ | English second Language | English second Language |
| વર્ષ અને પ્રકાશન સ્થળ | 2016, ગાંધીનગર | 2016, ગાંધીનગર |
| કુલ પૃષ્ઠ | 56 | 86 |
| યુનિટની સંખ્યા | 4 | 5 |
| કિંમત | વિનામૂલ્ય | વિનામૂલ્ય |
| મુખપૃષ્ઠ | રંગીન | રંગીન |
| કાગળની ગુણવત્તા | સારી | સારી |
| ફોન્ટ સાઈઝ | યોગ્ય | **યોગ્ય** |
| પાઠ્યપુસ્તકની બાંધણી | સારી | **સારી** |
| નિર્માણ | GCERT, ગાંધીનગર | GCERT, ગાંધીનગર |
| મુદ્રક | ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર | ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર |


**સારણી-2**

**ધોરણ-8ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકમાં સેમેસ્ટર મુજબ આપેલ પ્રવૃત્તિઓની યાદી**

| ધોરણ-8 | **સેમેસ્ટર-1** | | **સેમેસ્ટર-2** | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રવૃત્તિઓની યાદી | પ્રવૃત્તિની સંખ્યા | ટકાવારી | પ્રવૃત્તિની સંખ્યા | ટકાવારી | કુલ પ્રવૃત્તિની સંખ્યા | સરાસરી |
| શ્રવણ કૌશલ્ય | 4 | 14.81% | 7 | 10.93% | 11 | 12.08% |
| કથન કૌશલ્ય | 4 | 14.81% | 7 | 10.93% | 11 | 12.08% |
| વાંચન કૌશલ્ય | 9 | 33.33% | 29 | 45.31% | 38 | 41.75% |
| લેખન કૌશલ્ય | 10 | 37.03% | 21 | 32.81% | 31 | 34.06% |
| સેમેસ્ટર 1 અને 2ની પ્રવૃત્તિઓની સંખ્યા | 27 | | 64 | | 91 | |

સારણી-2નાં અવલોકનના આધારે કહી શકાય કે ધોરણ-8નાં સેમેસ્ટર-1ના અંગ્રેજીના પાઠ્યપુસ્તકમાં શ્રવણ, કથન, વાંચન અને લેખન કૌશલ્યનું પ્રમાણ અનુક્રમે 14.81%, 14.81%, 33.33% અને 37.03% હતું. જ્યારે સેમેસ્ટર-2માં શ્રવણ, કથન, વાંચન અને લેખન કૌશલ્યનું પ્રમાણ અનુક્રમે 10.93%, 10.93%, 45.31% અને 32.81% હતું.

તેના આધારે એવું તારણ રજૂ કરી શકાય કે સેમેસ્ટર-1 અને 2માં શ્રવણ અને કથન કૌશલ્યનું પ્રમાણ સમાન હતું. જ્યારે વાંચન અને લેખન કૌશલ્યના પ્રમાણમાં અર્થસૂચક તફાવત જોવા મળતો હતો. જેની સ્પષ્ટતા આકૃતિ-1માં દર્શાવેલ છે.




**આકૃતિ-1**

**ધોરણ-8ના અંગ્રેજી પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ ભાષા કૌશલ્ય**

## તારણો અને ચર્ચા

ધોરણ-8ના અંગ્રેજીના બન્ને સેમેસ્ટરના પાઠ્યપુસ્તકની બાંધણી, ચિત્રો અને કાગળની ગુણવત્તા સુધારવાની જરૂર જણાય છે.

બન્ને સેમેસ્ટરમાં શ્રવણ અને કથન કૌશલ્યની પ્રવૃત્તિઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે. આ બે કૌશલ્યો કોઈપણ ભાષા શીખવા માટે પાયાના કૌશલ્ય ગણાય છે. આથી શ્રવણ અને કથન કૌશલ્યનો યોગ્ય વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ ઉમેરવાની જરૂર જણાય છે.

સેમેસ્ટર-1ની સરખામણીમાં વાંચન અને લેખન કૌશલ્યનું પ્રમાણ સેમેસ્ટર-2માં બમણાથી પણ વધારે જોવા મળે છે. આથી વાંચન અને લેખન કૌશલ્યની પ્રવૃત્તિઓની સમ્યક વહેંચણી થવી જોઈએ.

## ભલામણો

- પાઠ્યપુસ્તકનું પ્રિન્ટીંગ યોગ્ય રીતે થાય તેની કાળજી ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે લેવી જોઈએ.

- શ્રવણ અને કથન કૌશલ્યની પ્રવૃત્તિઓ વધારવી જોઈએ.
- વાંચન અને લેખન કૌશલ્યનું પ્રમાણ બંન્ને સેમેસ્ટરમાં યોગ્ય પ્રમાણમાં હોવું જોઈએ.
- શિક્ષક અને વિદ્યાર્થીઓનું પ્રમાણ તથા વાસ્તવિક વર્ગખંડ મુજબ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો જોઈએ.

## સંદર્ભસૂચિ

Gaglani, P. (2013). *"A Study of the opinions of Science Teacher about the current Textbook of Science and Technology for Standard 10"*. International Journal for Research in Education. Vol.2, issue: 7

Raval, G. (2013). *"Critical Analysis of English (Second Language) Textbook of Standard VII"*. International Journal of Research in Humanities and Social Sciences. Vol.2, issue: 9

Thotapally, A. (2014). *"A Critical analysis of English Language Textbook in Andhra Pradesh, India"*. ELT Research Journal 3(4): 181-200.

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, (2016). *"English (Second Language) Standard-8"* ગાંધીનગર: લેખક

NCERT, (2005). *"राष्ट्रीय पाठ्यचर्या की रुपरेखा"*. नई दिल्ली : लेखक